નં.ડીએમ/ નો ડ્રોન ફલાય ઝોન/૨૫૧૧/૨૦૨૨
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી
જામનગર. તા.૨૭ /૧૧/૨૦૨૨

Office of the District Magistrate
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળ કાઢેલો હુકમ**

આગામી તા.૨૮/૧૧/૨૦૨૨ ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી જામનગર જિલ્લાના ગોરધનપર ખાતે કાર્યક્રમમાં પધારનાર છે જે સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલીત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંસાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો (SUB-CONVENTIONAL AERAL PLATFORM)ના ગેરલાભ લઈ મહાનુભાવની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાની હાનિ પહોંચાડે તેવી શકયતા નકારી શકાય નહીં.

તેથી હું, ભાવેશ એન. ખેર, જી.એ.એસ., **અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર** ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪ હેઠળ મને મળેલ સતાની રૂઈએ ફરમાવું છુ કે, જામનગર જિલ્લાના એરફોર્સથી ગોરધનપર જી. જામનગર સુધીના વિસ્તારોમાં " નો ડ્રોન ફલાય ઝોન" જાહેર કરું છું અને તે વિસ્તારમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામા આવતા ડ્રોન (DRONE) કવાડ કોપ્ટર(QUAD COPTER) પાવર્ડ એરક્રાફટ(POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એર ક્રાફટ (MICROLIGHT AIRCRAFT) હેંગ ગ્લાઈડર / પેરાગ્લાઈડર(HANG GLIDER/PARA GLIDER) પેરા મોટર(PARA MOTER ) તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવા / કરવા ઉપર સંપુર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

પોલીસ વિભાગ અને સુરક્ષાબળોના ઉપરોકત સંસાધનોને આ જાહેરનામાંમાંથી મુકિત આપવામાં આવે છે.

**આ હુકમ તા.૨૬/૧૧/૨૦૨૨ ના કલાક ૦૦–૦૦ થી તા.૨૮/૧૧/૨૦૨૨ ના ૨૨.૦૦ કલાક** સુધી અમલમાં રહેશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઈ, આથી એક તરફી હુકમ કરું છું કે જાહેર જનતાની જાણ સારું સ્થાનિક વર્તમાનપત્રો મારફતે આ જાહેરનામાંની પ્રસિધ્ધિ દવારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરશ્રી તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર આ હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવી. ગુજરાત પોલીસ એકટ કલમ–૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ–૧૮૬૦ ની કલમ–૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રી ના દરજજાથી પો.સ.ઈ. સુધીનો હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે આઈ.પી.સી. કલમ–૧૮૮ મુજબ ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૪ માહે : નવેમ્બર-૨૦૨૪ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

**<u>નકલ રવાના :-</u>**

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર
૨. કમિશ્નરશ્રી,જામનગર મહાનગરપાલીકા, જામનગર.
૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જામનગર.
૪. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય).
૫ સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય).
૬. મામલતદારશ્રી, જામનગર (શહેર/ગ્રામ્ય).
૭. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
... વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી કરાવવા સારૂ
૮. વ્યવસ્થાપકશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.
...સદરહુ જાહેરનામાંની ૨(બે) નકલો સામેલ છે. જે જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની ૫ નકલો અત્રેને મોકલવા વિનંતી સહ.
૯. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, જામનગર
...સદરહુ જાહેરનામાંને અત્રેની કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

**<u>નકલ સવિનય રવાના :-</u>**

૧. પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર
૨. ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર.